કેસ રજુ તારીખ :
કેસ દાખલ તારીખ :
કેસ ફેસલ તારીખ :
સમય ગાળો :
વર્ષ માસ દિવસ

---

**મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩, મુ.અમદાવાદ.**

---

**ફોજદારી કેસ નં.૧૪૧૪૫/૨૦૧૮**

**આંકઃ– ૬**

**ફરીયાદી : શ્રી સરકાર.**

**વિ રૂ દ્ધ**

**આરોપી : જાવેદ ઈબ્રાહીમભાઈ ખોખર,**
**રહેવાસી– મ.નં.૧૧, કસબા સોસાયટી, સરખેજ,**
**અમદાવાદ.**

---

**સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી**
**આરોપી તરફે**

---

**ગુન્હો :– ઈ.પી.કો. કલમ–૨૮૩ મુજબ.**

**–: ચુ કા દો :–**

**(૧).** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપી એ તા.૧૯/૧/૧૮ નારોજ ક. ૧૨–૧૫ વાગે નવરંગપુરા રેલ્વે ટ્રેક પાસે આશા કોમ્પલેક્ષ ખાતે જાહેર રોડ ઉપર પોતાની માલિકીનો અશોક લેલન દોસ્ત ટેમ્પો નં.જી.જે.૧,ડી.વાય.૧૮૧૮નો આવતા જતા રાહદારીઓ ને તેમજ ટ્રાફીક ને અડચણ રુપ થાય તે રીતે ઉભો રાખી અકસ્માત થવાનો ભય પેદા થતો હોય જે અડચણરુપ ધંધો કરતા મળી આવેથી પકડાઈ જઈ ઈ.પી.કોડની કલમ–૨૮૩ મુજબનો ગુનો કરેલ.જેની ફરીયાદ ફરીયાદીએ પોલીસ સ્ટેશનમાં આપતાં, પોલીસ ને તપાસનાં અંતે આરોપી

વિરૂધ્ધ પૂરતો પુરાવો મળી આવતાં, આ કામે ચાર્જશીટ આ અદાલતમાં દાખલ કરેલ છે.

(૨) આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપી તેની પ્લી આંક–ર થી રેકર્ડ કરતાં આરોપીને ગુન્હો કબુલ ન હોવાથી આગળની કાર્યવાહી કરી હતી.

(૩) ફરીયાદપક્ષે તેમનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

<u>**મૌખિક પુરાવો :**</u>

આંક–૩, ત.ક.અ. મહેશકુમાર અભેસંગ ની જુબાની

<u>**ફરીયાદપક્ષનો દસ્તાવેજી પુરાવો :**</u>

આંક–૪, ફરીયાદ

આંક–૫, સી.આર.પી.સી.કલમ–૧૫૭ નો રીપોર્ટ

(૪) કેસની કાર્યવાહી પુર્ણ થતાં ફરીયાદી અને આરોપીપક્ષની દલીલો સાંભળી.

(૫) ઉપરોકત કેસની હકીકત, સંજોગો અને રજુ કરવામાં આવેલ પુરાવાઓને ધ્યાને લેતા મારી સમક્ષ નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદ્દાઓ</u> :–**

(૧) શું ફરીયાદ પક્ષ એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટ મુજબ ઈ. પી. કો. કલમ–૨૮૩ અન્વયે નો સજા પાત્ર ગુન્હો કર્યો છે ?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના જવાબ નીચે મુજબ આપુ છું. છે.

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

**–: <u>કારણો</u> :–**

*(૭)* ***<u>મુદ્દા નં.૧ અને ૨ ની ચર્ચા :–</u>***

હાલના કામે ફરીયાદની હકીકત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો ગુન્હો પુરવાર કરવા માટે નીચે મુજબના મુદૃા પુરવાર કરવા પડે જે નીચે મુજબ છે.

(૧) આરોપીએ તેમના કબજામાંની મીલકતની વ્યવસ્થા ન કરી.

(૨) તે કારણસર આરોપીએ જાહેર માર્ગમાં અન્ય વ્યકિતઓ માટે અંતરાય ઉભો કર્યો.

ઈ.પી.કો.કલમ–૨૮૩ ના સંદર્ભમાં એ હકીકત સમજવાની રહે છે કે, ફરીયાદપક્ષે એ હકીકત પુરવાર કરવાની રહે છે કે, જાહેર માર્ગ ઉપર જે અંતરાય ઉભો થયો છે તે આરોપીના કારણસર ઉભો થયો છે અને તે માટે ફરીયાદપક્ષે આ અંતરાય આરોપીના ધ્વારા જ ઉભો થયો છે તે હકીકત પુરવાર કરવાની રહે છે. દરેક અંતરાયથી અડચણ ઉભી થાય પરંતુ દરેક અડચણથી અંતરાય ઉભો થતો નથી. ફરીયાદપક્ષના તમામ સાક્ષીઓની જુબાની ધ્યાને લઈએ તો પ્રથમ તો ફરીયાદ પક્ષે ફરીયાદના સંદર્ભમાં કોઈ પંચનામું કર્યુ નથી. જેથી ગુન્હાવાળી જગ્યાએ આરોપીની શું પરિસ્થિતિ હતી તે હકીકત સ્પષ્ટ થતી નથી. ફરીયાદ પક્ષના સાક્ષીઓએ રાબેતા મુજબના ક્રમમાં અંતરાય થયો હોવાની હકીકતને સમર્થન આપ્યું છે. સ્થળ ઉપર આરોપીની સ્થિતિ, વસ્તી ગીચતા, રોડની પહોળાઈ, આરોપીનું કૃત્ય એવી તમામ હકીકતના આધાર ઉપર આરોપીએ સ્થળ ઉપર અંતરાય ઉભો કર્યો છે તે હકીકત પુરવાર કરવા માટે મહત્વની બને છે. ફરીયાદપક્ષના સમગ્ર પુરાવામાં આ બાબતની સ્પષ્ટતા નથી. રાબેતા મુજબના નિવેદનના આધારે ફરીયાદની હકીકત પુરવાર થયેલી માની શકાય નહિ. ફરીયાદપક્ષનો સમગ્ર પુરાવો ધ્યાને લેતાં જાહેર માર્ગ ઉપર આરોપીની હવાલાની મીલકતની વ્યવસ્થા થઈ ન હોવાથી અન્ય વ્યકિતઓને અડચણ અને અંતરાય ઉભા થયા છે તે હકીકત પુરવાર થતી નથી. જેથી મુદૃા નંબર –૧નો જવાબ " **નકારમાં** " આપી, મુદૃા નંબર –૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

–: <u>હુ ક મ</u> : –

(૧) આ કામે આરોપીને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૫૫(૧) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ ૨૮૩ મુજબનાં શિક્ષાને પાત્ર

ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામનાં આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) અન્વયે નવા જામીન અને જાતમુચરકો અપીલ સમય સુધી અમલમાં રાખવાની બાંહેધરી સાથે રજુ કરવો.

હુકમ આજરોજ તા. ૨૮ , માહે ફેબ્રુઆરી સને ૨૦૧૮ નારોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૮/૦૨/૨૦૧૮
અમદાવાદ.

(સુરેશકુમાર કલુદાન ગઢવી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર.૧૩, અમદાવાદ.
CODE NO. GJ01023